જા.નં. ISC-7/જોડાણ/૨૦૨૫/ ૪૦-૫૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૨,ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૧૯/૦૧/૨૦૨૫

વંચાણે લીધેલ: અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ISC-7/જોડાણ/૨૦૨૪/૭૭૦-૭૭૭, તા.૧૩/૧૧/૨૦૨૪

પરિપત્ર:

હાલની સ્થિતિએ સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત યુનિવર્સિટી મારફત અત્રેની કચેરીને જરૂરી આધારો સહિત ફાઇલ સ્વરૂપે હાર્ડકોપીમાં મોકલવામાં આવતી હતી.જેમાં દરેક યુનિવર્સિટી દ્વારા મોકલવામાં આવતી દરખાસ્તોમાં એકસૂત્રતા અને સમય મર્યાદા જળવાતી ન હતી,જેથી અત્રેની કચેરી દ્વારા સદર બાબતના નિવારણ અર્થે અને ડિજીટલાઇઝેશનના ભાગરૂપે સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત માટે ઉદયમ કોજંટ પોર્ટલ બનાવવામાં આવેલ અને સદર પોર્ટલ બાબતે વિડિયો કોન્ફરન્સ કરી અત્રેની કચેરી દ્વારા તમામ યુનિવર્સિટીને ઓનલાઇન કામગીરી માટે અવગત કરી તાલિમ આપવામાં આવેલ હતી.

અત્રેની કચેરીના વંચાણે લીધેલ પત્રથી રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીને સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત ઓનલાઇન ઉદયમ કોજંટ પોર્ટલ પર એફિલેશન મોડ્યુલ દ્વારા મેળવવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે તથા યુનિવર્સિટી સંલગ્ન એવી કુલ-૦૫ સંસ્થાઓની( ૩- સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી માટે અરજી, ૧-ચાલુ જોડાણ અને ૧-કાયમી જોડાણ)અભ્યાસક્રમ માટેની દરખાસ્તો અત્રેની કચેરીને ઓનલાઇન પોર્ટલ મારફતે મળે તેમ કરવા જણાવવામાં આવેલ અને યુઝર મેન્યુઅલ યુનિવર્સિટીઓને પૂરા પાડવામાં આવેલ હતા.

આપની યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી અને આપની યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા ઇચ્છતી કે સંલગ્નતા ધરાવતી ખાનગી ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા સંચાલિત ખાનગી કોલેજોની સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ,કાયમી જોડાણ તથા સરકારી કોલેજોની જોડાણ અંગેની દરખાસ્ત આ પરિપત્ર થયા બાદથી આપની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના બાકી રહેલા વર્ષોના ચાલુ જોડાણના જાહેરનામા તથા સૈધ્ધાંતિક મંજુરી અંગેની દરખાસ્તો ફરજિયાત પણે ઓનલાઇન પોર્ટલ મારફત કરવાની રહેશે કોઇ પણ સંજોગોમાં સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત ઓફલાઇન/હાર્ડકોપીમાં અત્રે મોકલવાની રહેશે નહી જે અંગે આપને સુચિત કરવામાં આવે છે અને જે અંગે આપની કક્ષાએથી તમામ કૉલેજોને જાણ કરવા પરિપત્રિત કરવામાં આવે છે.

નોંધ પર મળેલ માન.નિયામકશ્રીની મંજુરીને આધારે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર.

પ્રતિ,
જરૂરી અમલીકરણ સારૂ:
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી/સંચાલકશ્રી, ખાનગી કૉલેજો/સંસ્થાઓ, ગુજરાત રાજ્ય.(સંબંધિત યુનિવર્સિટી મારફત)
- આચાર્યશ્રી,તમામ સરકારી કૉલેજો,ગુજરાત રાજ્ય (સંબંધિત યુનિવર્સિટી મારફત)

Scanned with OKEN Scanner

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- રહસ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, બ્લોક નં-૫/૮, સચિવાલય,ગાંધીનગર (અધિક મુખ્ય સચિવશ્રીના ધ્યાન પર લાવવા સાંરૂ)
- રહસ્ય સચિવશ્રી, વાઇસ ચાન્સેલરશ્રી તમામ સરકારી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય. (વાઇસ ચાન્સેલરશ્રી ના ધ્યાન પર લાવવા સારૂ)
- નાયબ સચિવશ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, બ્લોક નં-૫/૮, સચિવાલય,ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી,માન.નિયામકશ્રી, સદર કચેરી. (માન.નિયામકશ્રીના ધ્યાન પર લાવવા સારૂ)

---

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭.

ક્રમાંકઃ જોડાણ(પરિપત્ર)(૨૫)/૨૪૫૦ તા. ૨૩-૦૧-૨૦૨૫

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનુ કે,**

......................................................ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરના ઉપર મુજબના પરિપત્રની વિગતે

(૧) સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી, ચાલુ જોડાણ, કાયમી જોડાણ ની યુનિવર્સિટી દ્વારા જે શરતોને આધીન જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન મંજૂરી આપેલ છે. તે મુજબ શરતોનું પરિપાલન થયેથી તેના પ્રમાણિત આધાર સાથે રાજય સરકારને જોડાણની દરખાસ્ત UDYAM COGENT PORTAL દ્વારા કરવાની જાણ કરવામાં આવે છે.

(૨) ક્રમાંક(૧) મુજબની કાર્યવાહી સારું આપની કોલેજ દ્વારા COGENT PORTAL રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરેલ ન હોય તો દિન-૩ માં રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવાની જાણ કરવામાં આવે છે.રજીસ્ટ્રેશનની કાર્યવાહી અને યુનિવર્સિટી દ્વારા એપ્રુવલ મળેલ છે કે કેમ ?તેન અંગેની માહિતી COGENT PORTAL દ્વારા મેળવી શકાશે.

23/01/25

**કુલસચિવ**

Scanned with OKEN Scanner